01 નવેમ્બર 2023

## સિટી ઑફ બ્રૅમ્પટન બિઝનેસ લાયસન્સિંગ બાય-લૉને અદ્યતન કરી રહ્યા છે જેથી પ્રક્રિયાઓ સરળ બને અને સમુદાયની સુખાકારીમાં વધારો થઈ શકે.

બ્રૅમ્પટન, ઓન્ટારિયો – રહીશો અને વ્યાપારોની સેવા વધુ સારી રીતે થઈ શકે તે માટે અને સમુદાયની સુખાકારી અને સલામતી ચાલુ રહે તે સુનિશ્ચિત કરવા માટે સિટીએ બિઝનેસ લાયસન્સિંગ બાય-લૉ 332-2013ના સ્થાને બિઝનેસ લાયસન્સિંગ બાય-લૉ 184-2023નો અમલ કર્યો છે.

નવેમ્બર 1ના રોજથી નીચેના વ્યાપારોએ બ્રૅમ્પટનમાં કામ ચાલુ રાખવા માટે વાર્ષિક બિઝનેસ લાયસન્સ સંપાદિત કરવું જરૂરી રહેશે.

- આઉટડોર સંગ્રહ સવલતો,
- પેટ ગ્રૂમિંગ,
- કેટરરો, અને
- આઉટ ઓફ ટાઉન કાર રેન્ટલ વ્યવસાયો.

નવા બાય-લૉ માટે આવશ્યક છે કે વાહન જપ્ત કરવાની સવલતોએ સુનિશ્ચિત કરવાનું રહેશે કે માલિકો વાહન અથવા તેમાં રહેલ સામગ્રીનો એક્સેસ અને મુક્તિ વાહન માલિકની સગવડે મેળવી શકે અને  અલ્કોહોલ એન્ડ ગેમિંગ કમિશન ઓફ ઓન્ટારિયો (AGCO) દ્વારા મંજૂર પ્લેસિસ ઓફ અમ્યુઝમેન્ટમાં અલ્કોહોલ પીરસી શકાશે.

ફેરફારોની સંપૂર્ણ સૂચિ અને તેમને કેવી અસર થઈ શકે છે તે સમજવા માટે રહીશો અને વ્યવસાયોને નવા સ્ટેશનરી બિઝનેસ લાયસન્સિંગ બાય-લૉની સમીક્ષા કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

સિટી ઓફ બ્રૅમ્પટન સમુદાયની સલામતી અને સુખાકારીને જાળવી રાખીને વ્યવસાય માટે મૈત્રીપૂર્ણ વાતાવરણને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે.

**લિંક:**

નવા બિઝનેસ લાયસન્સિંગ બાય-લૉ 184-2023 ની સમીક્ષા કરવા માટે અહીં મુલાકાત લેવા વિનંતી છે: https://pub-brampton.escribemeetings.com/filestream.ashx?DocumentId=95306.

**વધારાની માહિતી**

નવા સ્ટેશનરી બિઝનેસ લાયસન્સિંગ બાય-લૉ 184-2023 વિશે વધુ જાણકારી માટે અહીં સંપર્ક કરવા વિનંતી છે Licensing@brampton.ca.

-30-

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સિટી ઓફ઼ બ્રેમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca